ખાનગી સંસ્થાઓના ઇ-કન્ટેન્ટના સાહિત્યને મંજુરી આપવા અંગેની કાર્યપધ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- જે એસબી૧૨-૨૦૧૪-૭૦૧૬૪૯-ન
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૨/૧૧/૨૦૧૪

આમુખઃ-

હાલમાં રાજ્યમાં ઘણી સંસ્થાઓ શિક્ષણ ક્ષેત્ર માટે ઇ-કન્ટેન્ટ બનાવે છે. પણ આ ઇ-કન્ટેન્ટ સરકારી શાળાઓમાં અમલમાં મુકવા માટે કોઇ ચોકકસ પધ્ધતિ નિયત થયેલ નથી. હાલમાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તેનો ઉપયોગ થતો નથી. આવા ઇ-કન્ટેન્ટ બનાવનાર સંસ્થા કે વ્યકિત તરફથી તેમનું સાહિત્ય ખરીદવા માટે રજૂઆતો કરવામાં આવે છે પરંતુ તે અંગેની કાર્યપધ્ધતિ નિયત થયેલ ન હોઇ, તે નિયત કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં આવેલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ખાનગી સંસ્થા કે વ્યકિત દ્વારા તૈયાર કરાયેલ ઇ-કન્ટેન્ટની મંજુરી આપવા નીચેની કાર્યપધ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ખાનગી સંસ્થા કે વ્યકિત દ્વારા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદને(જીસીઇઆરટી) ઇ-કન્ટેન્ટ મંજુર કરવા અંગે લેખિત સ્વરૂપમાં દરખાસ્ત કરવાની રહેશે. આ દરખાસ્તમાં તેમના હેતુઓ તથા ઉપયોગની રીત સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે. જે તે સંસ્થા કે વ્યકિત કોઇ સાહિત્ય આપવા માંગતી હોય તો તેની પાંચ નકલ/સેટ જમા કરાવવાના રહેશે. આ ઉપરાંત જીસીઇઆરટી દ્વારા ઇ-કન્ટેન્ટની તાંત્રિક ચકાસણી માટે નક્કી કરવામાં આવેલ ડાયટ કક્ષાએ રૂપિયા ૨૫,૦૦૦(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ટેસ્ટીંગ ફી પેટે જમા કરાવવાઅના રહેશે.

૨) ખાનગી સંસ્થા કે વ્યકિત પોતાની દરખાસ્ત નીચે મુજબના સભ્યોની કોર ટીમ સમક્ષ રજૂ કરવાની રહેશે.

- નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન અથવા તેમના પ્રતિનિધિ

- પ્રાથમિક શિક્ષણ નિયામક અથવા પ્રતિનિધિ
- ICT તજજ્ઞ
- કોઇ પણ બે ડાયટ પ્રાચાર્ય

(૩) કોર ટીમ જે તે સંસ્થા કે વ્યકિત દ્વારા રજુ થયેલ ઇ-કન્ટેન્ટની ચકાસણી કરશે. કોર ટીમને યોગ્ય લાગે તો આ સંસ્થા કે વ્યકિતએ કોરટીમના સૂચનો પ્રમાણે પ્રાયોગિક ધોરણે પાયલોટ બેઝ) પર પોતાનો પ્રોજેકટ ઓછામાં ઓછી ૧૦ શાળાઓમાં એક વર્ષ માટે સ્વ ખર્ચે લાગુ પાડવાનો રહેશે. આ ૧૦ શાળાઓ સંસ્થા કે વ્યકિત પોતે પસંદ કરી શકશે. આ દરમિયાન સોફટવેર પેકેજ, શાળાઓમાં કોમ્પ્યુટર ચાલી શકે કે કેમ, મરામત અંગેની જરૂરિયાતલક્ષી તાલીમ અને તેને ચલાવવા માટે તેવા પ્રકારનો સ્ટાફ જોઇએ તે બધી વિગતોની પણ ચકાસણી કરવાની રહેશે.

(૪) આ ૧૦ શાળાઓમાં જે તે પ્રોજેકટ /સાહિત્યની અસરકારકતા માપવા માટે ઇમ્પેકટ એસેસમેન્ટ હાથ ધરવામાં આવશે. આ ઇમ્પેકટ એસેસમેન્ટનો ખર્ચ પણ જે તે સંસ્થા કે વ્યકિત દ્વારા ભોગવવાનો રહેશે. આ ઉપરાંત થર્ડ પાર્ટી ૧૦ પાયલોટ સ્કૂલમાં અને ૧૦ કંટ્રોલ  સ્કૂલમાં બેઝલાઇન સ્ટડી કરાવવામાં આવશે.

(૫) આ પાયલોટ પ્રોજેકટનો અમલીકરણનો એક વર્ષનો રીપોર્ટ તથા ઇમ્પેકટ એસેસમેન્ટની અહેવાલ કોર ટીમને જમા કરાવવાનો રહેશે. આ અહેવાલમાં તમામ ૧૦ શાળાઓના આચાર્યના પણ અભિપ્રાય મેળવવાનો રહેશે. આ ઉપરાંત જે તે સંસ્થા કે વ્યકિતએ અમલીકરણ અહેવાલના ભાગરૂપે સાપ્તાહિક પ્રગતિ અહેવાલ રજૂ કરવાનો રહેશે જેમાં સંસ્થાના પ્રતિનિધિઓની લોગબૂક પણ સામેલ કરવાની રહશે.

(૬) કોર ટીમે એક વર્ષ બાદ જે તે સંસ્થા કે વ્યકિતએ રજૂ કરેલ પ્રોજેકટ મંજૂરી આપવા અંગે જરૂરી નિર્ણય લેવાનો રહેશે. જો કોર ટીમ પ્રોજકેટને મંજૂરી આપે તો તે તે ટીમે ઇ-કન્ટેન્ટ પ્રમાણિત કરવાનું રહેશે અને તે ઇ-કન્ટેન્ટ કેવા વિષય અને કયા કયા વર્ગો માટે ઉપયોગી છે તે નકકી કરવાનું રહેશે.

(૭) આ સમગ્ર પ્રકિયા પૂર્ણ થયા બાદ સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન તરફથી જયારે ઇ-કન્ટેન્ટ ખરીદવાની જરૂર પડે ત્યારે પ્રમાણિત ઇ-કન્ટેન્ટ ખરીદ કરવા માટે ઇ-ટેન્ડર દ્વારા ખરીદી કરવાની રહેશે.

(૮) કોર ટીમના નિર્ણય અંગે જે તે સંસ્થા/વ્યકિતએ અપીલ કરવી હોય તો તે માટે અધિક મુખ્ય સચિવશ્રી,પ્રાથમિક શિક્ષણના અધ્યક્ષતા હેઠળની નીચે મુજબની અપીલ કમિટી રહેશે.

૯) પ્રવર્તમાન ઇ-કન્ટેન્ટ ચકાસી લેવાના રહેશે.

૧૦) સરકાર પર કોઇ નાણાકીય બોજ ઉભો ન થાય તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

| | |
|---|---|
| અ. અધિક મુખ્ય સચિવશ્રી-પ્રાથમિક શિક્ષણ | અધ્યક્ષ |
| બ. સચિવશ્રી- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | સભ્ય |
| ક. શ્રી એન.એન.ભૂપતાણી- રજિસ્ટ્રાર- આઇ.આઇ.ટી.(RAM ) | સભ્ય |

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા ૨૧/૧૦/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિથી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મત્રીશ્રી(પ્રા.શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ના.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, (ઉચ્ચ અને ટેશિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ટેકનિકલ એજયુકેશન,ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- સંયુકત સચિવશ્રી(મા.શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુકત સચિવશ્રી(પ્રા.શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(પાછળ)

- શ્રી એન.એન.ભૂપતાણી- રજિસ્ટ્રાર- આઇ.આઇ.ટી.(**RAM** ), અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ (પ્રા.શિ. નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિકશિક્ષણાધિકારીશ્રીઓ (પ્રા.શિ. નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રા.શિ. નિયામકશ્રી મારફત)
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત (પ્રા.શિ. નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(પ્રા.શિ. નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ન-શાખા